ગાંધીનગર સમાચાર
તા. ૧૬-૧૨-૨૦૧૩, સોમવાર

## તંત્રી સ્થાનેથી.....

### સમાજ મહિલાને વધુ સારી સુરક્ષિત રાખી શકશે

એનું નામ તો અજાણ્યું જ રહી ગયું, કારણ કે દેશનો કાયદો સ્ત્રીની ઈજ્જતનું બહુ ધ્યાન રાખે છે એટલે મીડિયામાં ભૂલથી પણ સાચું નામ છપાઈ કે બોલાઈ જાય તો એ સજાપાત્ર ગુનો બની જાય છે; પરંતુ એની પીડા એ સમસ્ત દેશની સ્ત્રીઓની પીડા બની ગઈ. એને કોઈએ નિર્ભયા કહી તો કોઈએ દામિની; કોઈએ એને દેશની બહાદુર દીકરી કહી બિરદાવી તો કોઈએ સ્વ.મૈથિલીશરણ ગુપ્તની કાવ્ય નાયિકા 'યશોધરા'ના સ્વરૂપે જોઈ હશે-


'અબલા જીવન હાય તુમ્હારી યહી કહાની,
આંચલ મેં હૈ દૂધ ઔર આંખોમેં પાની...'

એ દુખિયારી છોકરી કોઈ નામાંકિત પરિવારમાં નહોતી જન્મી, એણે એવી કોઈ મોટી સિદ્ધિ પણ હાંસલ નહોતી કરી, છતાં એની પીડાની કાળરાત્રી જાણે રાષ્ટ્રની કાળરાત્રી બની રહી છે. બરાબર એક વર્ષ અગાઉ દિલ્હીની સૂમસામ શિયાળુ રાતે એણે એના એક સાથીદાર સાથે બસમાં લિફ્ટ માગી હતી. એ બસમાં સવાર હેવાનોએ એને ક્રૂરતાપૂર્વક પીંખી નાખીને રસ્તામાં જ ફેંકી દીધી હતી. બેહોશ અને લોહીથી લથપથ પેરામેડિકલ છાત્રાને એની સાથે થયેલી આ અમાનુષી દુર્ઘટનાએ દુનિયા આખીમાં પ્રસિદ્ધિ અપાવી, એ પણ કેવા વિપર્યાસ! એણે જીવવા માટે ઘણાં હવાતિયાં માર્યાં, એની વેદનાથી આહત દિલ્હી એની વહારે ધાઈ, સરકારે પણ જન-આક્રોશને ધ્યાનમાં લઈ શક્ય તે તમામ પ્રકારની સહાય ઉપલબ્ધ કરાવી, ત્યાં સુધી કે એનાં આંતરડાંના ચેપને કારણે (આંતરડાંમાં સળિયો ઘુસાડી દેવાથી આંતરડાં ફાટી ગયાં હોઈ) એને છેક સિંગાપુરની શ્રેષ્ઠ હોસ્પિટલમાં એર એમ્બ્યુલંસ મારફત પહોંચાડવામાં આવી. એનાં ગરીબ માતા-પિતા તો દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં પણ સારવાર ન અપાવી શક્યાં હોત, એને બદલે દેશના કોઈ સર્વોચ્ચ રાજનેતાને મળે એની શ્રેષ્ઠ તબીબી સારવાર મળી શકી. પરંતુ એના પર જે ક્રૂર અત્યાચાર ગુજારાયો હતો તેનાથી લાગેલો ચેપ જીવલેણ નીવડ્યો. કોઈ મહાન રાષ્ટ્રનેતા કરતાં નિર્ભયાને વધુ અંજલીઓ અપાઈ. એના બલિદાનના પગલે બળાત્કારની વ્યાખ્યા જ બદલાઈ ગઈ, એથી સ્ત્રી સુરક્ષાનો કાયદો અગાઉ કરતાં ઘણો કડક બનાવાયો. એટલું ઓછું હોય એમ, એના નિસાસા લાગવાથી દિલ્હીની શીલા સરકાર ધારાશાયી થઈ ગઈ! પરંતુ એથી દિલ્હીમાં કે દેશમાં ગેંગરેપની ઘટનાઓ બનતી અટકી છે ખરી? છાશવારે એ જ પ્રકારની શરમજનક ઘટનાઓ ટીવીના પડદે અને અખબારોની હેડલાઈનોમાં ચમકતી રહે છે. એ જ દિલ્હી વારંવાર 'શર્મસાર' બનતી રહે છે. હજી ચાર દિવસ ઉપર જ આવી ઘટના બની છે. મુંબઈમાં ગેંગરેપ થાય છે. દિલ્હીમાં તો પોલીસ મારફત કોઈ 'સિરિયલ રેપિસ્ટ'નો સ્કેચ પણ જારી કરાયો છે. સેક્સ એ માનવી બલકે જીવ માત્રની સાધારણ વૃત્તિ-પ્રવૃત્તિ છે. નિયંત્રણ મુકાવા છતાં આ શેષનાગને નાથી શકાતો નથી. માત્ર આત્મસંયમ અને સંસ્કાર દ્વારા જ મનુષ્યની વિકૃત કામવૃત્તિને ડામી શકાશે. જો કાનૂની ધાક દ્વારા નિયંત્રિત થઈ શકતી હોત તો આ વિકૃતિ નિર્ભયા-કાંડના ગુનેગારોને ફાંસીની સજા અને સામાજિક બહિષ્કાર અપાયા પછી આટલી હદે સક્રિય ન રહી હોત. એકવીસમી સદીનો સમાજ એક વિચિત્ર ત્રિભેટે આવીને ઊભો છે, જ્યાં સ્ત્રી માટે ઘરમાં પુરાઈને એની આબરૂનું રખોપું કરવાનું શક્ય નથી. એને આજીવિકા માટે અને સમાન અધિકારોની રૂએ પુરુષ જેટલી જ સ્વતંત્રતા ખપે છે, જે કાયદા દ્વારા અપાઈ તો છે પરંતુ સામે એની સુરક્ષા આડે રહેલાં ભયજનક છીંડાં પૂરી શકવાની તો કદાચ સરકાર કે ન્યાયતંત્ર પાસે પણ ક્ષમતા નથી. એ કામ સમાજે ઉપાડી લેવું પડશે.



સેક્ટર-૮માં આવેલી સેંટ ઝેવિયર્સ પ્રાયમરી સ્કૂલમાં સ્પેલીંગ બી કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં ધોરણ-૧ થી ૮ના બસ્સોથી પણ વધારે વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. ચાર રાઉન્ડ લેખિત અને મૌખિક ટેસ્ટમાં કુલ દસ વિદ્યાર્થીઓ વિજેતા બન્યા હતા જેમને શાળા પરિવાર વતી મેડલ અને પ્રમાણ પત્રો એનાયત કરાયા હતા.

### શુભેચ્છા



ખેલમહાકુંભ-૨૦૧૩ ની જિલ્લાકક્ષાની અંડર-૧૨ વિભાગની ૪૦૦ મીટર દોડમાં જે.એમ. ચૌધરી સાર્વજનિક પ્રાથમિક વિદ્યાલયમાં ધોરણ-૬માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કુ. ઈશિતા દેવેન્દ્રભાઈ પરમારે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારેલ છે. આ સ્પર્ધા ગાંધીનગર જિલ્લાના સાદરા મુકામે સાદરા મહાવિદ્યાલય ખાતે યોજાઈ હતી. કુ. ઈશિતાને શાળા પરિવાર વતી શુભેચ્છાઓ આપવામાં આવેલ છે.



ખેલ મહાકુંભ ૨૦૧૩ની જિલ્લા કક્ષાની તરણ સ્પર્ધામાં શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળાની ધોરણ-૧૧-ડીની વિદ્યાર્થીની કુ. પ્રિતી રાઠોડે ૧૬ વર્ષથી ઉપરની બહેનોના વિભાગમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરતા ૫૦ મીટર બેક સ્ટ્રોકમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. રાજય સરકાર દ્વારા રૂ. ૧૫૦૦૦નો રોકડ પુરસ્કાર જીતનાર આ ખેલાડી છેલ્લા ત્રણ વર્ષથી ખેલ મહાકુંભમાં તરણ સ્પર્ધામાં સતત પ્રથમ સ્થાને આવેલ છે. શાળા પરિવારે કુ. પ્રિતીને અભિનંદન સાથે શુભેચ્છા પાઠવેલ છે.

## ભારતીય ભાષાઓના સાહિત્ય પરિસંવાદનો સમાપન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૫

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર, ગુર્જર ભારતી સંસ્થા અને ગુજરાતી હિન્દી સાહિત્ય અકાદમીના સંયુક્ત ઉપક્રમે બે દિવસીય સાહિત્ય પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આયોજિત કાર્યક્રમમાં સાહિત્યના વિવિધ સૈદ્ધાંતિક પાસાઓ, સમાજશાસ્ત્રીના આધારો અને તેની સાથેના સંબંધ, પ્રવાસી વિમર્શ, સ્ત્રી વિમર્શ, દલિત અને આદિવાસી સમાજની પ્રસ્તુતી વગેરે વિષયો પર વિચાર વિમર્શ કરવામાં આવ્યા હતા. દ્વિતીય બેઠકમાં બિંદુ ભટ્ટ, શૈલજા ભારદ્વાજ, ઈલા નાયક, પારુલ દેસાઈ, દશા જોશી, અનુપા ચૌહાન, તુલસીરામ, હરીશ મંગલમ, બી.કે. કલાસવા સહિત ગુજરાતના જાણીતા સાહિત્યકારો સહિત ગુજરાતની વિવિધ કોલેજોમાંથી પ્રાધ્યાપકો સહિત વિદ્યાર્થીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આયોજિત બે દિવસીય પરિસંવાદના સમાપન પ્રસંગે ગણેશ દેવી, નામવરસિંહ, સિતાંશુ યશચંદ્ર, ગોવર્ધન શર્મા, કડી સર્વ વિશ્વવિદ્યાલયના રજીસ્ટ્રાર એસ.કે. મંત્રાલા ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન બિંદુ ભટ્ટ દ્વારા કરવામાં આવ્યું હતું.

## હાથમાં બીપીમાં અંતરના હાર્ટના ખતરા સાથે સંબંધ

તાજેતરમાં જ કરવામાં આવેલા નવા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે હાથમાં જુદા જુદા પ્રમાણમાં બ્લડપ્રેશરના સીધા સંબંધ હાર્ટ એટેકના ખતરા સાથે છે. ડાબા હાથમાં રહેનાર બ્લડપ્રેશર જમણા હાથ કરતાં અલગ છે તો હાર્ટ એટેક અથવા તો સ્ટ્રોકનો હુમલો થવાનો ખતરો રહેલો છે. આજે પ્રકાશિત કરવામાં આવેલા નવા લેન્ડસેટમાં આ મુજબની વાત કરવામાં આવી છે. આમા જણાવવામાં આવ્યું છે કે હાથની વચ્ચે જુદા જુદા બ્લડપ્રેશરનું પ્રમાણ વેસક્યુલર રિસ્ક અને મોત વચ્ચે સીધા સંબંધ ધરાવે છે. આ પ્રકારના તારણો બંને હાથના બ્લડપ્રેશરની ચકાસણી માટે કરવામાં આવતી વાતને સમર્થન આપે છે. હાથની વચ્ચે પ્રતિકાત્મક બ્લડપ્રેશર અલગ અલગ હોવાની સ્થિતિમાં ચકાસણીની વાત કરવામાં આવ્યા બાદ વધુ પરિક્ષણ કરવામાં આવી રહ્યા છે. અભ્યાસના ભાગરૂપે જુદા જુદા બ્લડપ્રેશરને આવરી લેતા ૨૮ પેપરોની ચકાસણી કરવામાં આવી હતી. આમા જાણવા મળ્યું કે ૧૫ એમએમ એચજી અથવા તો વધુના અંતરનો સીધો સંબંધ વેસક્યુલર રોગના ખતરા સાથે સંબંધિત છે. લોહીના પુરવઠાનો પણ આની સાથે સીધો સંબંધ છે. ફોર્ટીસ સેન્ટર ઓફ એક્સીલન્સ ફોર ડીસીસના ચેરમેન ડૉ. અનુપ મિશ્રાએ કહ્યું છે કે અભ્યાસના તારણો ખૂબ જ ચોંકાવનારા છે. સામાન્ય રીતે અમે એક હાથમાં બીપીની ચકાસણી કરાવીએ છીએ. ડાયાબીટીશના કેસમાં અમે બંને હાથ અને પગમાં ચકાસણી કરાવીએ છીએ. સામાન્ય રીતે ભારતમાં ૩૦ ટકા દર્દીઓના બંને હાથ વચ્ચે ૧૦ એમએમ એચજી અંતર છે. જો કે બંને હાથમાં બીપી ચકાસણી એક સામાન્ય કવાયત છે. આના પાળવામાં આવે તે જરૂરી છે. બીજી બાજુ હાર્ટ કેર ફાઉન્ડેશન ઓફ ઈન્ડિયાના પ્રમુખ કાર્ડિયોલોજીસ્ટ કે કે અગ્રવાલે કહ્યું છે કે જ્યારે પણ એક દર્દી પ્રથમ વખત આવે છે ત્યારે ચારે હાથપગમાં બીપીની ચકાસણી કરવામાં આવે છે. નિષ્ણાંતોનું કહેવું છે કે હાથમાં બ્લોકેઝ બેઈન વેસલ્સ અને હાર્ટની ધમનીઓમાં બ્લોકેઝ સાથે સંબંધ ધરાવે છે.



### હરિની દૃષ્ટિ...




## સે-૨૯ના જલારામ મંદિરે નવ દિવસીય રામ પારાયણનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

સે-૨૯ ખાતે આવેલા શ્રી જલારામ સેવા સમાજ દ્વારા 'શ્રી જલારામ એનિમલ હેલ્પલાઈન' મુંગા પશુઓની વિના મુલ્યે સારવાર મળી રહે તે હેતુથી ચલાવામાં આવે છે. આ હેલ્પલાઈન પ્રોજેકટના લાભાર્થે તા. ૨૦મી ડિસેમ્બરથી તા. ૨૯મી ડિસેમ્બર દરમિયાન પૂ. રમાબહેન હરિયાણીની વ્યાસપીઠે નવદિવસીય રામપારાયણનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. આ રામપારાયણ કથાનો સમય સવારે ૯ થી ૧૨ વાગ્યા સુધી અને બપોરે ૩ થી ૬ વાગ્યા સુધીનો રાખવામાં આવેલ છે. આ કથાનો લાભ લેવાગાંધીનગરની ધર્મપ્રેમી જનતાને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ગાંધીનગરના સે-૨૭માં આજથી શિવ મહાપુરાણ કથાનો પ્રારંભ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરના સેકટર-૨૭માં શિવકથા સમિતિ તેમજ અન્ય સહયોગી મંડળો દ્વારા આવતીકાલથી શિવમહાપુરાણકથાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કથા સેકટર-૨૭ના નવરાત્રિ ચોક ખાતે યોજાશે. જે તા. ૨૨મી ડિસેમ્બર સુધી ચાલશે. કથાનો સમય બપોરના ૨ વાગ્યાથી રાખવામાં આવેલ છે. આ શિવમહાપુરાણ કથા ગાંધીનગર જિલ્લાના જાણીતા કથાકાર સંજયભારતી બાપુની વ્યાસપીઠે યોજાનાર છે. કથાની સાથે સાથે સુંદરકાંડ પાઠ અને આનંદનો ગરબો જેવા ધાર્મિક કાર્યક્રમો પણ વણી લેવામાં આવ્યા છે.



મોટા ચિલોડા માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાના આચાર્ય રતિલાલ વાઘેલાનો નિવૃત્તિ સમારંભ યોજાયો હતો. જેમાં ટ્રસ્ટી બાલસ્વરૂપ સ્વામી ગિરિશભાઈ રાવલ, દિનેશભાઈ ચૌધરી, યાકુબભાઈ મનસુરી, કાન્તિભાઈ પટેલ, જગદીશભાઈ પટેલ અને ચિલોડા શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉ.મા. શાળાનો સ્ટાફ પરિવાર પણ જોડાયો હતો. નિવૃત્તી લેનાર આચાર્ય રતિલાલ વાઘેલાને સન્માન પત્ર તેમજ સ્મૃતિ ચિહ્ન અર્પણ કરાયા હતા.

## થિએટર મીડીયા સેન્ટર દ્વારા ૮મી નાટ્ય લેખન યોજના માટે નાટ્યલેખકોને આમંત્રણ

અમદાવાદ, તા. ૧૫

અમદાવાદના બટુભાઈ ઉમરવાડિયા ડ્રામેટિક રિસર્સ એજ્યુકેશન એન્ડ ટ્રેનિંગ ઈન્સ્ટીટ્યુટ (બુ ડ્રેટી ટ્રસ્ટ) દ્વારા તેની આઠમી નાટ્યલેખન યોજનામાં નાટ્ય લેખકોને પૂરા કદના મૌલિક નાટકો મોકલવા આમંત્રણ આપ્યું છે.આ યોજનામાં દ્વિઅંકી અથવા ત્રિઅંકી નાટકો મોકલી આપવા જણાવાયું છે. યોજનાની પસંદગી સમિતિની ભલામણ મુજબ રૂ. ૫૦૦૦ નું એક એવા ત્રણ પારિતોષિક એનાયત કરવામાં આવનાર છે. લેખકોને તેમની કૃતિઓ તા. ૩૧મી ડિસેમ્બર સુધીમાં હસમુખ બારાડીને થિએટર એન્ડ મીડીયા સેન્ટરના ન્યુરાણીપ ખાતેના સરનામે ટપાલ દ્વારા મોકલી આપવા જણાવાયું છે.

## પતિ-પત્નીનો સંબંધ એ એક અનોખા પ્રકારનો છે અને તે સંબંધમાં એક નાની સરખી લાગણીની લાગેલી ઠેસ એ મોટી તકરાર તરફ દોરી જાય છે

**મહિલા સમાજ અને કાયદો**
**અંક-૨૨**
**ડો. ભાવના કે. જોશીપુરા**

સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા બાબતે આપણે ચર્ચા કરી રહ્યા છીએ પરંતુ સવાલ એ છે કે શું તમામ સ્ત્રીઓ આ કાયદો જાણે છે ખરી? એવો પણ પ્રશ્ન ઉદ્‌ભવે કે બધો જ કાયદો જાણતા હોવા છતાં એક વ્યક્તિ કાયદાની કલમનો ઉપયોગ કરવા માંગતી નથી શું આવું બને ખરું?

મારા ઉપર એક સ્ત્રીના કુટુંબીનો ફોન આવે છે. ફોન કરનાર વ્યક્તિ એ ન્યાય વિભાગના જ્ઞાતા છે. કાયદો બરાબર જાણે છે છતાં એમ કહે છે કે કાયદાનો ઉપયોગ કરીને કોઈ કેસ કરવા માંગતા નથી. પોતાના જ કુટુંબની એક વ્યથિત બહેનની વાત જણાવી રહ્યા છે. એની વ્યથા- કથા આજ અંકમાં હમણાં જ જણાવીશ પરંતુ વારંવાર એમ જ જણાવે છે કે કોઈ કેસ કરવો નથી અને વ્યથીત બહેનને પણ કેસ કરવામાં રસ નથી.

એ વ્યથીત બહેન કથા એક શહેરના નાનકડાં વિસ્તારમાં પોતાના કુટુંબ સાથે રહે છે. કુટુંબમાં પતિ અને બાળકો છે. આમ પણ હાસમાં કુટુંબની વ્યાથ્યા પતિ-પત્ની અને બાળકો એમ જ સમાવેશ થાય છે. કદાચ હાલના બાળકોને સંયુક્ત કુટુંબ એટલે દાદા-દાતી, કાકા-કાકી, મોટા બાપુ, મોટા મા, આ બધાનો સંયુક્ત કુટુંબમાં સમાવેશ થાય તેવો સંપૂર્ણ ખ્યાલ નહીં હોય. આજે જવલ્લેજ એવું જોવા મળે કે બાર-પંદર જણનું કુટુંબ એક સાથે રહેતું હોય અને એક રસોડે જમતું હોય. મારે અહીં સંયુક્ત કુટુંબ અને વિભક્ત કુટુંબના ફાયદા અને ગેરફાયદાની વાત કરવાની નથી પરંતુ એટલું ચોક્કસ લાગે છે કે સંયુક્ત કુટુંબને કારણે કેટલીવાર પતિએ ફરજીયાત સારી રીતે રહેવું પડે છે.

હાલના યુગમાં લગ્નેત્તર સંબંધોની બાબત સંદર્ભે જે રોજબરોજ કિસ્સાઓ પ્રકાશમાં આવતા જાય છે તે જોતાં એવું લાગે છે કે એક કુટુંબ, એ કુટુંબનો વારસો, કુટુંબને કારણે વ્યક્તિની ઓળખ અને આ બધી બાબતને લઈને ઊભી થતી વ્યક્તિની શાખ અને કુટુંબની શાખ આ બધી બાબતો પ્રત્યે સમગ્ર સમાજ બેધ્યાન થતો હોય તેવું લાગે છે. આજ અઠવાડિયામાં બનેલા બનાવો સંદર્ભે જો જોઈએ તો, એક સાવકી માતાએ પોતાના અપર સંતાનોને ખૂબ જ ત્રાસ આપ્યો, તો બીજા એક કેસમાં સગી માતાએ પોતીની પુત્રી પર પોતાના કથીત પ્રેમી દ્વારા બેરહમ ત્રાસ ગુજાર્યો, આ બધી બાબતો શું સુચવે છે? સંસ્કાર અને મૂલ્યોનું કેટલે અંશે અવમૂલ્ય થઈ રહ્યું છે? આ બધી જ બાબતોનો જો ઊંડાણથી અભ્યાસ કરીએ તો, કેટલીક પાયાની બાબતો ઉપર અભ્યાસ કરવો જરૂરી હોય તેમ લાગે છે. વાચનારને આ બાબત વિશેષ રીતે ઉદાહરણથી સમજાવું તો,

પતિ-પત્ની અને બાળકો એક છાપરા નીચે એક સાથે રહેતા હોય અને એ સુખી લગ્નજીવનમાં ક્યાંય તરાડ ઊભી થાય, ક્યાંક વિવાદ ઉભો થાય અને પતિ-પત્ની વચ્ચે મતભેદ ઉભા થાય એવું બને. આવું બનવાના કારણે પત્ની ઘરમાં રહે તો તેણીને પોતાના જાનનું જોખમ લાગે પરંતુ જો પરીણિત સ્ત્રી ઘર છોડી દે તો પછી એ પરીણિત સ્ત્રીને ઘર છોડ્યા પછીના જે પ્રશ્નો ઉભા થાય તે પણ ખૂબ જ વિકટ હોય છે. આપણે કથાના ઉદાહરણથી આ બાબત સમજીએ તો.

કથા અને રમણ બંને પોતાના બાળખો સાથે શહેરના એક મધ્યમ વર્ગના વિસ્તારમાં રહે છે. રમણનો સ્વભાવ પહેલેથી જ ખૂબ જ શંકાશીલ છે. કથાને વાત વાતમાં ટોકવી એ તો જાણે રમણનો રોજનો ઘટનાક્રમ થઈ ગયો છે. રમણ ઘરે આવે અને કથા એ કરેલી ઘરકામ બાબતોની ભૂલો વિશે જ વિચારે. કથાને મનમાં એમ થાય કે આ રમણ ઘરે આવીને તબીયતના ખબર પૂછતો નથી કે સારી રીતે વાત કરતો નથી તેનું શું કારણ હશે? કોઈને કેમ છો પૂછવું એ અતિ સામાન્ય બાબત છે પરંતુ જો કોઈ અંગત વ્યક્તિ 'કેમ છો- મજામાં ને?' એવું ન પૂછે એ સામાની વ્યક્તિને ખૂબ જ અસ્વાભાવિક લાગે છે અને જ્યારે આપણાં જ અંગત લોકો આપણને ખબર ન પૂછે તેનું એક ખૂબ ઊંડું દુઃખ થતું હોય છે. આ બાબત પતિ-પત્ની હોય, બે સારા મિત્રો હોય, કોઈ કુટુંબી હોય, કોઈ સગા કે સંબંધી હોય એ તમામને આમ તો લાગુ પડે છે પરંતુ પતિ-પત્નીનો સંબંધ એ એક અનોખા પ્રકારનો છે અને તે સંબંધમાં એક નાની સરખી લાગણીની લાગેલી ઠેસ એ મોટી તકરાર તરફ દોરી જાય છે.

કથાને બે બાળકો છે. કથાનો પતિ ઘરમાં પણ ચીજવસ્તુઓ લાવવા માટે પૈસા આપતો નથી, કથાને તેના ઘરના સાથે કોઈ સંબંધ રાખવા દેતો નતી. કથા પોતાની બહેન સાથે પણ વાત કરી શકે નહીં. કથાની જ્યારે બધી જ બાબત જાણી ત્યારે તકરારના મૂળનું કારણ જાણી શકાયું નહીં. કથાની બાબત તેની બહેન બહાર ગામથી આવીને કેન્દ્ર ઉપર જણાવે છે. કથા કેન્દ્ર ઉપર આવીને ફરિયાદ કરવા પણ સક્ષમ નથી. જ્યારે કથાની બહેનને રમાને મળવાનું થયું ત્યારે કેન્દ્રના સંચાલકે કથાને બોલાવવાનો આગ્રહ રાખ્યો ત્યારે રમાબેનનો જે જવાબ હતો તે પણ હૃદયને હલાવી ગયો.

રમાબેને જણાવ્યું કે, કથા, રમા અને સીતા એમ ત્રણ બહેનો હતા. સીતા એ કેન્સરમાં મૃત્યુ પામી છે. સીતા લગભગ ૪૦ વર્ષની હતી અને તેણીનું મૃત્યુ થયું અને તેવા સંજોગોમાં સીતાના બાળકો મા વગરના થઈ ગયા. રમાબેન કહેતા હતા કે અમારી એક બહેનના બાળકો મા વગર જીવે છે. જો કથા તેના બાળકો સાથે ઘર છોડી દે તો કથાના બાળકો એ બાપ વગરના થાય. વિશેષમાં કથાના બાળકો તો છતાં બાપે બાપ વગરના થાય. આવું બધું સાંભળીને અને તેના પર વિચાર કરીને એવું લાગે કે સામાન્ય જનમાનસ એ કોઈપણ પગલું ભરતા પહેલા સો વાર વિચાર કરે છે. અત્યાર સુધી એવું લાગતું કે દરેક વ્યક્તિને કાયદાની માહિતી નથી તેથી કાયદાનો આશ્રય લેતી નથી. ઘણીવાર એવા પણ બહેનો મળે કે જેઓને કાયદાનો આશ્રય લેવામાં ખર્ચની બહુ જ ચિંતા રહેતી હોય. એવા બહેનોને ખાસ જણાવીએ કે, તમામ સ્ત્રીઓને મફ્ત કાનૂની સલાહ અને સહાય એ તાલુકા કક્ષાથી હાઈકોર્ટ સુધી ઉપલબ્ધ છે. કોઈપણ વ્યક્તિને ન્યાય મેળવવા સંદર્ભે જે ખર્ચ કરવો પડે છે તે ખર્ચ પરવડતો નથી. ખર્ચ સાથે પોલીસ સ્ટેશન અને ન્યાયકોર્ટમાં જવું પડશે તેવું પણ બહુ ગમતું નથી તો આવું શા માટે? જે વ્યક્તિ માંદી પડે તો તેની સારવાર અર્થે દવાખાને જવું પડે તેમ જો કોઈને પણ કાયદાકીય પ્રશ્ન ઉદ્‌ભવે તો ન્યાય કોર્ટમાં જવું પડે. આ એક બહુ જ સાદી અને સરળ સમજવા જેવી બાબત છે.

કથાની બહેન રમા કેન્દ્ર ઉપરથી કથાના ઘેર જાય છે અને તેણીને કેન્દ્ર ઉપર આવવા માટે સમજાવે છે. કથા એમ જણાવે છે કે જો તેણી કેન્દ્ર અરજી કરશે તો રમણ તેને કોઈપણ સંજોગોમાં સ્વીકારશે નહીં તો જીદ્દી છે. જે પતિ અને પત્ની એક ઘરમાં એક સાથે રહેતા હોય, એક સાથે જમતા હોય અને સહજીવન ગુજારતા હોય તેવા બંનેના મન વચ્ચે પણ અંતર હોય તો તે કેટલી દુઃખદ બાબત છે? અત્રે એ ઉલ્લેખ કરીશ કે હાલના સમયમાં સંવાદનો અભાવ તમામ જગ્યાએ જોવા મળે છે. નાની નાની બાબતોના વિચાર વિમર્શ નહીં થવાને કારણે કેટલીકવાર ગેરસમજણ વધારેને વધારે ઉભી થતી જાય છે અને આ બધી બાબતને લઈને એક કુટુંબ સમસ્યા ઉભી થાય છે.

કથા જો કેન્દ્ર પર જાય નહીં તો કથાની વ્યથા કઈ રીતે વ્યકત થઈ શકે? કથા જેવી અનેક સ્ત્રીઓ છે જેઓ પોતાની વ્યથા સહન કરીને ઘરમાં રહે છે પરંતુ સાથે સાથે એવું પણ ઈચ્છે છે કે કોઈ ઘરે આવીને પોતાના પતિ અને સાસરી પક્ષનાને સમજાવી જાય. આવી અનેક કથાના સાચા કેસો રોજ બરોજ અનુભવવામાં આવે છે તો આ બધાનો ઉકેલ કઈ રીતે આવી શકે છે? શું કાયદો મદદરૂપ થાય છે? શું સમાજસેવી સંસ્થાઓ મદદરૂપ થાય છે? અને છેલ્લે સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે વાસ્તવિક રીતે રક્ષણ એ કાયદા મારફ્ત મળી શકે છે? મળીએ આવતે અંકે...